For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પાંચથી વધુ ફાયર ટેન્કરની મદદથી ફાયર બ્રિગેડની ભારે જહેમત

# ટેન્કર-LNG ટેન્કર વચ્ચે ટક્કર, 6 કલાકથી વધુ સુધી હાઈવે બંધ



**દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે** નંદેસરી પાસે એક્સપ્રેસ વે પર LNG ટેન્કરનો અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા,તા.19
નંદેસરી વિસ્તારમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતા દૂધના ટેન્કર અને અત્યંત જ્વલનશીલ પ્રવાહી ગેસ ભરેલા એલએનજી ટેન્કર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. બે ટેન્કરો વચ્ચે અકસ્માત બાદ ટેન્કરમાંથી ગેસ લીકેજ થતા જ એક્સપ્રેસ વે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આસપાસના વિસ્તારમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ છવાયો હતો. ગેસ અત્યંત જ્વલનશીલ હોવાને કારણે ગમે ત્યારે મોટી વિસ્ફોટક દુર્ઘટના સર્જાઈ શકે એવી સ્થિતિ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સ્થાનિક પોલીસ તંત્ર, એક્સપ્રેસ વે ઓથોરિટીની રેસ્ક્યુ ટીમ અને ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી ગયો હતો. સુરક્ષાના ભાગરૂપે અને જાનહાનિ અટકાવવા પ્રશાસન દ્વારા તાત્કાલિક હાઈવેનો એક તરફનો માર્ગ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો હતો. ફાયર જવાનોએ સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરી સતત પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યું હતું. ફાયર ટીમની સતર્કતા અને સમયસૂચકતાને કારણે આખરે પરિસ્થિતિ પર કાબુ મેળવી લેવાયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી. અકસ્માત અને ગેસ લીકેજની સ્થિતિને કારણે એક્સપ્રેસ વે પર વાહનવ્યવહારને ભારે અસર પહોંચી હતી. બંને બાજુએ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી, જેથી મુસાફરો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કરજણ પાસેથી વાહનવ્યવહાર ડાયવર્ટ કરાયો હતો. ટ્રાફિક પોલીસ અને એક્સપ્રેસ વેના સુરક્ષા કર્મચારીઓએ ત્વરિત ટ્રાફિક ડાયવર્ઝન આપીને વાહનોને સુરક્ષિત રીતે વૈકલ્પિક માર્ગો પરથી પસાર કરવાની વ્યવસ્થા હાથ ધરી હતી. કલાકોની જહેમત બાદ ધીમે ધીમે ટ્રાફિકને પૂર્વવત કરવાના પ્રયાસો કરાયા હતા. તંત્ર દ્વારા હાલમાં ટેન્કરને સુરક્ષિત સ્થળે ખસેડવાની અને માર્ગને સંપૂર્ણપણે ખુલ્લો કરવા માટેની આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. ફાયર ફાઈટરો દ્વારા ગેસના વાદળ પર સતત પાણીનો છંટકાવ વોટર કર્ટન કરવામાં આવ્યો હતો.જેથી સ્પાર્ક થવાનું જોખમ ટાળી શકાય. આ અત્યંત સંવેદનશીલ કામગીરી કરવામાં આવી હતી. સંબંધિત ગેસ કંપનીના ટેકનિકલ એન્જિનિયરો અને નિષ્ણાતોની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. નિષ્ણાત ટીમ લીકેજ સીલ કરવા અને ટેન્કરમાં બચેલો ગેસ અન્ય ખાલી ટેન્કરમાં ટ્રાન્સફર ડીકેન્ટિંગ કરવા માટે કામે લાગી હતી. સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અને સુરક્ષાનું ક્લિયરન્સ મળ્યા પછી જ હાઈવેને ફરી સામાન્ય વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

### વિવાદોનો પર્યાય બનેલા એલવીપીમાં બબાલનો દોર યથાવત

# LVP હેરિટેજ ગરબામાં ગરબાના રંગમાં ભંગ, બે યુવકો વચ્ચે છૂટા હાથની મારામારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.19
વડોદરામાં નવરાત્રીના ગરબાની રમઝટ વચ્ચે મારામારીની ઘટનાઓ યથાવત છે. શહેરના સૌથી પ્રતિષ્ઠિત ગણાતા લક્ષ્મી વિલાસ પેલેસ હેરિટેજ ગરબા ગ્રાઉન્ડમાં બે યુવકો વચ્ચે છૂટા હાથની મારામારી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે અને ચર્ચાનો વિષય બન્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર LVP ગરબા ગ્રાઉન્ડમાં મોડી રાત્રે હજારો ખેલૈયાઓ ગરબે ઘૂમી રહ્યા હતા, ત્યારે અચાનક બે યુવકો વચ્ચે કોઈ કારણસર બોલાચાલી થઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર સામાન્ય બોલાચાલીએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને બંને યુવકો ગ્રાઉન્ડની વચ્ચે જ એકબીજા પર તૂટી પડ્યા હતા. બંને વચ્ચે લાત-ઘૂસા અને છૂટા હાથની મારામારી શરૂ થઈ જતા આસપાસ ગરબા રમતા ખેલૈયાઓમાં ભારે અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાયો હતો. ઘણા ખેલૈયાઓ ગભરાઈને દૂર ખસી ગયા હતા. આ સમગ્ર ઘટનાને સ્થળ પર હાજર



અન્ય લોકોએ પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લીધી હતી. વીડિયોમાં સ્પષ્ટપણે બંને યુવકો જાહેરમાં મારામારી કરતા નજરે પડી રહ્યા છે. જોકે, ઘટનાની જાણ થતા જ ગ્રાઉન્ડમાં હાજર સિક્યોરિટી સ્ટાફ અને અન્ય સમજુ ખેલૈયાઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને વચ્ચે પડીને બંને યુવકોને છૂટા પાડી પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. બાદમાં બંનેને ગ્રાઉન્ડ બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા.

### દિવાળીના મીઠાશભર્યા તહેવાર પહેલાં જ ભેળસેળ યુક્ત ઘીનો ખેલ !

# પોર GIDCમાં ચાલીસા ફૂડ્સ પર ફરી દરોડો, ૫૨૦૦ કિલો નકલી ઘી મળ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.19
દિવાળીના તહેવાર પહેલાં જ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. વડોદરા નજીક પોર GIDCમાં આવેલી ચાલીસા ફૂડ્સ નામની પેઢી પર ખોરાક અને ઔષધ નિયમન તંત્રે દરોડો પાડીને અંદાજે રૂ.42 લાખની કિંમતનો 8,136 કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કર્યો છે. સામાજિક કાર્યકર યુવરાજસિંહ જાડેજા દ્વારા આપવામાં આવેલી બાતમીના આધારે હાથ ધરાયેલી તપાસમાં પેકિંગ પહેલાં સ્ટોરેજ ટેન્કમાં રાખેલો રૂ.26 લાખનો 5,200 કિલો જથ્થો અને અલગ-અલગ બ્રાન્ડના પેકિંગમાં રહેલો રૂ.16 લાખનો 2,936 કિલો જથ્થો મળી આવ્યો હતો. ફૂડ વિભાગે ઘીના ચાર નમૂના લઈને સરકારી લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલ્યા છે. જોકે, ઘીમાં ખરેખર ભેળસેળ છે કે નહીં અને તે કયા



પદાર્થોમાંથી બનાવાયું છે, તેનો ખુલાસો લેબોરેટરીના રિપોર્ટ બાદ જ થશે. યુવરાજસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, ચાલીસા ફૂડ્સમાં શંકાસ્પદ ઘીનું ઉત્પાદન થતું હોવાની બાતમી મળ્યા બાદ તેમણે પ્રોડક્ટના નમૂના ખાનગી લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યા હતા. તેમના દાવા મુજબ, પરીક્ષણમાં ઘી બનાવવા માટે પામોલિન તેલનો ઉપયોગ થતો હોવાની શંકા ઊભી થઈ હતી. તેમણે યુનિટમાં રહેલા લૂઝ ઓઈલના રંગ અને સ્વરૂપને આધારે પણ પામોલિન તેલ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જોકે, આ દાવાઓની સત્તાવાર પુષ્ટિ સરકારી લેબોરેટરીના અહેવાલ બાદ જ થઈ શકશે.

વધુમાં દાવો કરાયો હતો કે, યુનિટમાં એક જ પ્રકારના લૂઝ ઓઈલમાંથી અંદાજે 11 અલગ-અલગ બ્રાન્ડનાં લેબલ હેઠળ ઘીનું પેકિંગ થતું હોવાનું જણાય છે.

આમાંથી કેટલીક બ્રાન્ડનાં ઉત્પાદનો ગુજરાત બહાર અને વિદેશમાં પણ પહોંચતાં હોવાનો તેમણે દાવો કર્યો હતો. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે, જો ઉત્પાદન પ્રક્રિયામાં પશુજન્ય દૂધની મલાઈ કે માખણનો ઉપયોગ થતો ન હોય તો ઘી કેવી રીતે બનાવવામાં આવે છે? આ મુદ્દે તપાસ કરીને હકીકત બહાર લાવવાની જરૂર છે.

### એજન્ટે બંધ બેંકનો ચેક પધરાવી દીધો

# વિઝાના બહાને ઠગે મહિલાને રૂ.૧.૮૦ લાખનો ચૂનો ચોપડયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 19
સયાજીપુરા વિસ્તારમાં રહેતી વિહારીકા પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનાં લગ્ન વર્ષ 2017માં લંડન ખાતે રહેતા નીરવ પટેલ સાથે થયાં હતાં. લગ્ન બાદ પતિ તેમને લંડન લઈ જશે તેવી ખાતરી આપતા હતા, પરંતુ તેઓ લંડન લઈ ગયા ન હોવાથી વિહારીકા વિઝાની કાર્યવાહી માટે એજન્સીની તપાસ કરી રહ્યાં હતાં. વર્ષ 2022માં તેમની માતાના ઘરે ભાડેથી રહેતા અલ્પેશ પટેલ સાથે સંપર્ક થયો હતો. અલ્પેશે પોતે વિઝાનું કામ કરતો હોવાનું અને અગાઉ અનેક લોકોને વિદેશ મોકલ્યા હોવાનું જણાવી લંડનના વિઝા અપાવી આપવાની ખાતરી આપી હતી. આ કામ માટે રૂ.5 લાખમાં સોદો નક્કી કરી છ મહિનામાં વિઝા સહિતના દસ્તાવેજો તૈયાર થઈ જશે તેમ જણાવ્યું હતું. વિશ્વાસમાં આવી વિહારીકાએ 26 સપ્ટેમ્બર, 2022ના રોજ રૂ.30 હજાર રોકડા અને 28 સપ્ટેમ્બરના રોજ બેંક ઓફ બરોડાનો રૂ.1.50 લાખનો ચેક આપ્યો હતો. આમ રૂ.1.80 લાખ આપ્યા બાદ અલ્પેશે તેમનો અસલ પાસપોર્ટ પણ મેળવી લીધો હતો. જોકે, વારંવાર સંપર્ક કરવા છતાં વિઝાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. નાણાં અને પાસપોર્ટ પરત માંગતાં અલ્પેશે વાયદા કર્યા હતા. ત્યારબાદ 6 ઓક્ટોબર, 2025ના રોજ રૂ.1.80 લાખનો ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સનો ચેક આપ્યો હતો, પરંતુ તપાસ કરતાં આ બેંક બંધ થઈ છતાં જાન્યુઆરી મહિનામાં અલ્પેશે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો બીજો ચેક આપ્યો હતો, પરંતુ તેમાં સહી યોગ્ય ન હોવાનું જણાયું હતું. જાન્યુઆરીમાં પાસપોર્ટ પરત મળી ગયો હતો, પરંતુ રૂ.1.80 લાખ પરત મળ્યા નહોતા. આખરે વિહારીકાએ અલ્પેશ પટેલ સામે નાણાં પડાવી લઈ વિઝાની કાર્યવાહી નહીં કરવા અને ખોટો ચેક આપીને છેતરપિંડી આચરાઈ હતી.

### સંબંધિત સરકારી મેડિકલ કોલેજોમાં રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે

# ૩૦૫ જગ્યા માટે ૧૧ મહિનાના કરાર આધારિત ભરતી કરાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯
આરોગ્ય કમિશનર (અર્બન) અને તબીબી શિક્ષણ તથા સંશોધન વધારાની નિયામક કચેરી દ્વારા ગુજરાત રાજ્યની સરકારી મેડિકલ કોલેજો અને તેની સાથે જોડાયેલી હોસ્પિટલો તથા સંસ્થાઓમાં ખાલી પડેલી જગ્યાઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત બહાર પાડવામાં આવી છે. રાજ્યની સરકારી મેડિકલ કોલેજોમાં પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસરની વિવિધ વિદ્યાશાખાઓમાં ૧૧ મહિનાના કરાર આધારિત ધોરણે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ આમંત્રિત કરવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોએ રૂબરૂમાં જ અરજી કરવાની રહેશે. અરજી સ્વીકારવાની તારીખ આગામી ૨૧મી ઓક્ટોબર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે, જેનો સમય સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધીનો જ રહેશે. ઉમેદવારો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અથવા ભાવનગર ખાતે આવેલી કોઈપણ સરકારી મેડિકલ કોલેજ કે હોસ્પિટલમાં રૂબરૂ જઈને પોતાની અરજી સબમિટ કરી શકશે. આ પદો માટે મહત્તમ વયમર્યાદા ૬૫ વર્ષ રાખવામાં આવી છે. ઉમેદવારો ખાનગી પ્રેક્ટિસ ન કરવાના વિકલ્પ માટે પ્રોફેસર પદ પર ૨,૫૦,૦૦૦/-, એસોસિયેટ પ્રોફેસર પદ પર ૨,૨૦,૦૦૦/- અને આસિસ્ટન્ટ પ્રોફેસર પદ પર ૧,૩૮,૦૦૦/- સુધીનું માસિક ફિક્સ્ડ મહેનતાણું મેળવશે. જ્યારે ખાનગી પ્રેક્ટિસ સાથે આ વેતન અનુક્રમે ૧,૬૦,૦૦૦/-, ૧,૫૦,૦૦૦/- અને ૭૫,૦૦૦/- રહેશે. આ ભરતી અભિયાન અંતર્ગત પ્રોફેસરની ૮૪, એસોસિયેટ પ્રોફેસરની ૯૭ અને આસિસ્ટન્ટ પ્રોફેસરની ૧૨૪ જગ્યાઓ ખાલી છે. ઉમેદવારોએ માત્ર નિયત ફોર્મમાં જ અરજી કરવાની રહેશે, જે સત્તાવાર વેબસાઈટ www.gujhealth.gujarat.gov.in પરથી અથવા સંબંધિત સરકારી મેડિકલ કોલેજોમાંથી મળી રહેશે. અરજી સાથે તમામ જરૂરી પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત ઝેરોક્ષ નકલો જોડવાની રહેશે અને ચકાસણી માટે અસલ દસ્તાવેજો સાથે રાખવાના રહેશે. ખાનગી પ્રેક્ટિસ ન કરનાર ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે તેમજ પસંદગી પામનાર ઉમેદવારોએ સરકારી નિયમો અનુસાર CCC+ ની પરીક્ષા પાસ કરવાની રહેશે. વિગતવાર માહિતી માટે સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવા અનુરોધ કરાયો છે.

### ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢ્યો

# મકરપુરા GIDCમાં ઘાસમાંથી યુવતીનો મૃતદેહ મળી આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.19
મકરપુરા GIDC વિસ્તારમાં વરસાદી કાંસમાંથી 19 વર્ષીય યુવતીનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. યુવતીનું મોત કયા સંજોગોમાં થયું અને તે વરસાદી કાંસમાં કેવી રીતે પડી તે અંગે ઘેરુ રહસ્ય ઘેરાયું છે.

ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી દોઢ કલાકની શોધખોળ બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો. આ ઘટનાએ મકરપુરા GIDCમાં વરસાદી કાંસની આસપાસની સુરક્ષા વ્યવસ્થા અને નાગરિકોની અવરજવર માટેની સુવિધાઓ સામે પણ ગંભીર સવાલો ઊભા કર્યા છે. સ્થાનિક સ્તરે થઈ રહેલા આક્ષેપો મુજબ, વરસાદી કાંસની બાજુમાં લોકો માટે ચાલવાની જગ્યા હતી, પરંતુ કંપનીઓ દ્વારા કરવામાં આવેલા કથિત દબાણોને કારણે આ જગ્યા બંધ થઈ ગઈ છે. જોકે, આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. યુવતીના મોતને પગલે જો જાહેર અવરજવરની જગ્યા પર દબાણો થયા હોય તો જવાબદાર તંત્ર દ્વારા સમયસર કાર્યવાહી કેમ ન કરાઈ, તેવો સવાલ ઊઠી રહ્યો છે.

યુવતીના મોત અને કથિત દબાણો વચ્ચે કોઈ સીધો સંબંધ છે કે નહીં તે તપાસનો વિષય છે. હવે આ દુર્ઘટના બાદ વહીવટી તંત્ર દ્વારા વરસાદી કાંસની આસપાસની સુરક્ષા વ્યવસ્થા અને દબાણોના મુદ્દે શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

### મોડી રાત્રીના સમયે ચાકુના ઘા ઝીંકતા ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો દોડતો થયો

# સોમા તળાવ પાસે વણઝારા સમાજના ગરબા ગ્રાઉન્ડની બહાર યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

**સ્વાગત પાર્ટી પ્લોટના પાર્કિંગ** ગેટ સામે બાઈક પર બેઠેલા નિલેશ વણઝારા પર અજાણ્યા શખ્સોનો હુમલો, એક ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.19
વડોદરા શહેરના સોમા તળાવ વિસ્તારમાં નવરાત્રિ મહોત્સવ દરમિયાન હત્યાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. આજવા રોડ પર આવેલા સ્વાગત પાર્ટી પ્લોટમાં વણઝારા સમાજના ગરબા મહોત્સવનું આયોજન થયું હતું. આ પાર્ટી પ્લોટના પાર્કિંગ ગેટ સામે બાઈક પર બેઠેલા 24 વર્ષીય નિલેશ



વણઝારા પર અજાણ્યા શખસે છરી વડે ઉપરાછાપરી ઘા ઝીંકી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા નિલેશને 112ની મદદથી SSG હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. હત્યા પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે હત્યા કરનાર શખ્સની શોધખોળ શરૂ કરી છે. વડોદરા શહેરના સોમા તળાવ પાસે આવેલા નાયરા પેટ્રોલ પંપની બાજુમાં સ્વાગત પાર્ટી પ્લોટના પાર્કિંગ ગેટ સામે યુવકની છરીના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. વણઝારા સમાજના ગરબા મહોત્સવ દરમિયાન બનેલી આ ઘટનામાં 24 વર્ષીય નિલેશ રમેશભાઈ વણઝારાનું મોત નીપજ્યું હતું.

મૃતક નિલેશ વણઝારા વરણામા ગામ પાસે આવેલી એક કંપનીમાં નોકરી કરતો હતો અને માતા સાથે રહેતો હતો. મૃતકના ભાઈ વિકાસભાઈ વણઝારાએ પોલીસને જણાવ્યું હતું કે, 19 ઓક્ટોબરની મોડી રાત્રે તેમની માતા અનીતાબેને ફોન કરીને નિલેશને કોઈ અજાણ્યા શખસે સોમા તળાવ પાસે છરી મારી હોવાની જાણ કરી હતી. જેથી વિકાસભાઈ માતા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ગરબા મહોત્સવના આયોજક ગુલાબભાઈ વણઝારાએ તેમને જણાવ્યું હતું કે, રાત્રે આશરે 12:15 વાગ્યે નિલેશ પોતાની મોટરસાઈકલ પર બેઠો હતો. તે દરમિયાન એક અજાણ્યો શખસ મોટરસાઈકલ પર આવ્યો હતો અને નિલેશ પાસે જઈને તેના પર છરી વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ આરોપી પોતાની મોટરસાઈકલ પર બેસીને ફરાર થઈ ગયો હતો. હુમલામાં નિલેશને જમણી બાજુની પાંસળી, પેટના મધ્ય ભાગ, ડાબા હાથની કોણી ઉપર તેમજ બંને પગના ઢીંચણ પાસે તીક્ષ્ણ હથિયારના ઘા વાગ્યા હતા. લોહીલુહાણ હાલતમાં તેને 112ની મદદથી SSG હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. નિલેશની હત્યા કયા કારણસર કરવામાં આવી અને આરોપી સાથે તેની કોઈ જૂની અદાવત હતી કે કેમ તે અંગે પરિવાર અજાણ છે.

આરોપીના નાસી છૂટવાના સંભવિત માર્ગો પરના સીસીટીવી ફૂટેજના આધારે હત્યારાની શોધખોળ હાથ ધરવામાં આવી છે ત્રણ હત્યારા હોવાની આશંકા છે જેમાંથી એક આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે જ્યારે બે ફરાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

### પ્રા.શિક્ષક સંઘ અને શૈક્ષિક મહાસંઘની રજૂઆતો રંગ લાવી

# બદલીના આદેશો મેળવનાર શિક્ષકોને છૂટા કરી દેવાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.19
ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે રાજ્યના હજારો પ્રાથમિક શિક્ષકો માટે મહત્વનો અને રાહતરૂપ નિર્ણય લીધો છે. વર્ષ 2022-23 થી અટકેલી જિલ્લા અને તાલુકા ફેર બદલીના આદેશો મેળવી ચૂકેલા તમામ શિક્ષકોને 100% છૂટા કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શાળામાં 50% મહેકમ જાળવી રાખવાના નિયમને કારણે ખાસ કરીને કચ્છ, દેવભૂમિ દ્વારકા, દાહોદ, નર્મદા અને છોટાઉદેપુર જેવા છેવાડાના જિલ્લાઓમાં સેંકડો શિક્ષકો છેલ્લા ત્રણ વર્ષથી અટવાયેલા હતા. બદલીનો આદેશ હોવા છતાં છૂટા ન થતા તેઓ પારિવારિક, આર્થિક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. પ્રાથમિક શિક્ષક સંઘ અને શૈક્ષિક મહાસંઘની રજૂઆતો બાદ શિક્ષણ વિભાગે નવો પરિપત્ર બહાર પાડ્યો છે, જેમાં દરેક જિલ્લામાં જ્ઞાન સહાયકોને મહેકમમાં ગણતરીમાં લઈને 50% મહેકમ પૂર્ણ થતું હોય તો શિક્ષકોને તાત્કાલિક છૂટા કરવા. જે જગ્યાએ મહેકમ ખાલી છે, તે જગ્યા ખાલી બતાવી વેઈટિંગ લિસ્ટમાંથી જ્ઞાન સહાયકોની ભરતી કરી મૂળ શિક્ષકોને મુક્ત કરવા. સમગ્ર પ્રક્રિયા દરમિયાન શાળા શિક્ષક વિહોણી ન રહે તેની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટીપીઓની રહેશે. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ન બગડે તે રીતે એક વખતની ખાસ છૂટ તરીકે તમામ ડીપીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે. આ નિર્ણયથી રાજ્યભરના અટવાયેલા શિક્ષકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ઝોન વાઇઝ ટીમો બનાવી જલેબી-ફાફડાના સેમ્પલ સીલ કરાયા

# શહેરના લહેરીપુરા દરવાજા પાસે 'તૃપ્તિ રિફ્રેશમેન્ટ'માં આરોગ્ય વિભાગના દરોડા

(પ્રતિનિધિ) વડોદરા, તા.19
દશેરાના પાવન પર્વને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે, ત્યારે વડોદરા શહેરમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન થાય તે માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય અને ફૂડ વિભાગ અચાનક હરકતમાં આવ્યું છે. તહેવાર નિમિત્તે શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે શહેરમાં દરેક ઝોન વાઈઝ અલગ-અલગ ટીમોની રચના કરવામાં આવી છે અને વિવિધ ફરસાણની દુકાનો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ ઝુંબેશ હેઠળ આરોગ્ય વિભાગની ટીમે વડોદરાના ઐતિહાસિક લહેરીપુરા દરવાજા પાસે આવેલી સુપ્રસિદ્ધ 'તૃપ્તિ રિફ્રેશમેન્ટ' ફરસાણની દુકાન પર દરોડા પાડીને સ્થળ પર જલેબી અને ફાફડાની ગુણવત્તા, સ્વચ્છતા તેમજ બનાવટમાં વપરાતા તેલ-મેદા સહિતની સામગ્રીની બારીકાઈથી તપાસ કરી હતી. તપાસ દરમિયાન અધિકારીઓ દ્વારા ફાફડા અને જલેબીના શંકાસ્પદ સેમ્પલ લેબોરેટરી ચકાસણી અર્થે એકત્રિત કરવામાં આવ્યા હતા. જોકે, દશેરાના પર્વ દરમિયાન વડોદરા શહેરમાં કરોડો




રૂપિયાનો જલેબી-ફાફડાનો વેપાર થાય છે. અતિ મહત્વના આ તહેવારના માંડ એકાદ દિવસ પહેલાં આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી આ કામગીરી સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. કાયદાકીય જોગવાઈ મુજબ લેબોરેટરીમાં મોકલાયેલા સેમ્પલનો ઓફિશિયલ રિપોર્ટ આવતાં આશરે ૧૪ દિવસ જેટલો સમય લાગે છે.

### શ્રમ વિભાગમાં રજૂઆત કરવામાં આવી

# પાદરાની ફિલિપ્સ કંપની સામે ૭૦૦ કર્મી.ને છૂટા કર્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯
પાદરા તાલુકામાં આવેલી નામાંકિત ફિલિપ્સ (સિગ્નિફાય ઈનોવેશન પ્રાઈવેટ લિમિટેડ) કંપનીમાં કામ કરતા અંદાજે ૭૦૦ જેટલા કર્મચારીઓના રોજગાર અને મહેનતાણાં અંગેનો ગંભીર વિવાદ સપાટી પર આવ્યો છે. કંપનીના મેનેજમેન્ટ દ્વારા કોઈ જ કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વિના જ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે પીડિત કામદારોએ નાયબ શ્રમ આયુક્તની કચેરી સમક્ષ રજૂઆત કરી છે અને પોતાના પ્રશ્નોનો ન્યાયી ઉકેલ લાવવા માંગ કરી છે. કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અનુસાર, કંપનીના મેનેજમેન્ટે મનમાની ચલાવીને અંદાજે ૭૦૦ કર્મચારીઓને બળજબરીપૂર્વક નોકરી છોડવા માટે મજબૂર કર્યા હતા. કર્મચારીઓનું સ્પષ્ટપણે કહેવું છે કે તેમને તેમની મહેનત અને હિસ્સા પ્રમાણેનું યોગ્ય તેમજ પૂરેપૂરું મહેનતાણું ચૂકવવામાં આવ્યું નથી. આ મામલે એડવોકેટ વિશાલ ચૌહાણ અને કર્મચારી કૃણાલ જોશીના જણાવ્યા મુજબ, છેલ્લા બે વર્ષથી કંપની દ્વારા માત્ર ખોટા વાયદાઓ આપીને કર્મચારીઓને રાહ જોવડાવવામાં આવી રહી છે, જેના કારણે અનેક પરિવારો ગંભીર આર્થિક સંકટમાં મુકાયા છે. આ સમગ્ર વિવાદનું કેન્દ્રબિંદુ વી.આર.એસ. (સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના) અને તેની ચુકવણીનો હિસાબ છે. કર્મચારીઓએ માંગ કરી છે કે પેરન્ટ કંપની દ્વારા જાહેર કરવામાં આવેલી વી.આર.એસ. યોજનાની તમામ વાસ્તવિક વિગતો સાર્વજનિક કરવામાં આવે.

### જાહેર સ્થળોએ કચરો ફેંકનારા એકમો સામે ઝુંબેશ તેજ

# સિદ્ધનાથ રોડ પર ગંદકી કરનાર 'બરોડા ફ્રુટ સેન્ટર' સામે પાલિકાની કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.19
શહેરમાં જાહેરમાં ગંદકી ફેલાવનારા બેજવાબદાર વેપારીઓ સામે વડોદરા મહાનગર સેવા પાલિકા દ્વારા કડક કાર્યવાહીનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. તાજેતરમાં ખંડેરાવ માર્કેટ ફ્રૂટ બજાર વિસ્તારમાં સેનિટેશન ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા સઘન ચેકિંગ દરમિયાન ગંદકી અંગેના ચોંકાવનારા કિસ્સાઓ સામે આવ્યા હતા. ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓ અને જાહેર માર્ગોની આસપાસ સ્વચ્છતાના ધજાગરા ઉડાડતા અસામાજિક તત્વો અને વેપારીઓ પર તંત્રની સખત નજર છે. મળેલી વિગતો અનુસાર, જૂના વોર્ડ નંબર ૧૩ અંતર્ગત આવતા સિદ્ધનાથ રોડ વિસ્તારમાં આવેલી શાળાની તદ્દન નજીક 'બરોડા ફ્રુટ સેન્ટર' દ્વારા ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી. આ



દુકાન સંચાલકો દ્વારા સડેલા અને બગડેલા પપૈયાનો જથ્થો જાહેરમાં ફેંકી દેવામાં આવ્યો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભારે ગંદકી ફેલાઈ હતી અને રાહદારીઓ તથા વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સેનિટેશન વિભાગની ટીમે સ્થળ પર જ આ ગેરરીતિ ઝડપી પાડી હતી અને નિયમો અનુસાર તાત્કાલિક ધોરણે વેપારી પાસેથી રૂપિયા ૧૦ હજારનો ભારેખમ દંડ વસૂલ કર્યો હતો. એટલું જ નહીં, પાલિકાની ટીમે વેપારી પાસે તાત્કાલિક સ્થળ પર જ કચરો સાફ કરાવીને વિસ્તારને ચોખ્ખો કરાવ્યો હતો. પાલિકાના આ કડક વલણને કારણે ફ્રૂટ માર્કેટ સહિત ચાની લારીઓ, ફૂલ વેચનારા અને અન્ય ખાદ્યપદાર્થોના એકમોમાં પણ ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.